# પ્રથમ વખત શહેરમાં પ્રચાર મંડપો રોપાયા

## અસંતોષની આગ હજુ પણ પ્રચાર ઝુંબેશને દઝાડે છે, પેનલો સાથે મળીને ડોર ટુ ડોર પ્રચાર થઈ રહ્યો છે, સેક્ટરે - સેક્ટરે રાત્રે ચોકઠા બેઠકો, સેક્ટરોની સુવિધાની ચર્ચાઓ ઉગ્ર બને છે, સફાઈ અને દબાણના મામલે મતદારો અણીયાળા સવાલો પુછે છે

**મહાનગરનો મહાસંગ્રામ** - સંજય દૃષ્ટિ

આખરે ચિત્ર સ્પષ્ટ બન્યુ. મનપાની ૩૨ બેઠકો માટે ૧૦૮ ઉમેદવારો જંગમાં રહ્યા છે. હવે જ જંગ જામશે. દરેક પક્ષો અને દરેક ઉમેદવારો પોતાની વગનો પુરેપુરો ઉપયોગ કરી મતદારોને આકર્ષિત કરશે. ચૂંટણી ઢંઢેરાના નામે વચનો અપાશે. રેલીઓ નીકળશે, સભાઓ થશે, અનેક પ્રયોગો અને પ્રયાસો કરીને મતદારોને પોતાના બનાવવા એડીચોટીનું જોર લગાવાશે. સેક્ટરે-સેક્ટરે કોંગ્રેસ અને ભાજપના મંડપો રોપાયા, તોરણો બંધાયા અને ચ્હા-નાસ્તાની વ્યવસ્થા ગોઠવાઈ છે. સેવા કેન્દ્ર જેવા ઢાંચાથી બંધાયેલ મંડપોથી એવુ લાગે છે કે નગરસેવકોના સેવા કેન્દ્રો ધમધમવા લાગ્યા છે. શહેરમાં પ્રથમ વખત સેક્ટરે-સેક્ટરે મોટા મંડપોનો અભિગમ અપનાવાયો છે. તોરણો અને ઝંડાઓ એટલા બધા લાગ્યા છે કે આચારસંહિતા ફિક્કી લાગે છે. ઠીક છે માહોલ જામતો જાય છે. શહેરને હવે ચૂંટણી જેવુ લાગવા માંડ્યું છે. હજુ ચાર-પાંચ દિવસ બાદ ધમધમાટનું પ્રમાણ વધશે.

ભારતીય જનતા પક્ષ પોતાની આગવી વ્યૂહ રચના સાથે મેદાનમાં ઉતર્યું છે. અસંતોષની આગ સાથે ચૂંટણી પ્રક્રિયાનો પ્રારંભ થયો છે. હજુ અસંતોષની આગ શમતી નથી. મંગળવારે નારાજ દાવેદારોના જુથને પ્રદેશ કાર્યાલય ખાતે પ્રદેશ પ્રમુખ વિજયભાઈ રૂપાણીએ સાંભળ્યા હતા. નારાજ જુથે પોતાની રજુઆતો આક્રમકતાથી રજુ કરી હતી. પ્રદેશ પ્રમુખે સૌને સાંભળ્યા બાદ પક્ષના કામે લાગી જવા અપીલ કરી હતી. જો કે ત્યારબાદના પ્રતિભાવો ઉપલબ્ધ થતા નથી. ભાજપના કાર્યકરો અને અગ્રણીઓ રાત્રિ સભાઓ માટે ઝડપથી સક્રિય બની ગયા છે. વોર્ડ નં. ૧, વોર્ડ નં. ૩, ૪, ૭ અને ૮માં આજ સવારથી જ ભાજપની પેનલો સમર્થકો સાથે ડોર ટુ ડોર મતદારોનો સંપર્ક કરતા નજરે પડતા હતા. કોંગ્રેસના ઉમેદવારો પણ જોરશોરથી પ્રચાર અભિયાન આરંભી મતદારોનો સંપર્ક કરી રહ્યા છે. વોર્ડ નં. ૧, ૨, ૩, ૪ અને ૫ માં કોંગ્રેસની પેનલે આક્રમકતાથી મતદાર સંપર્કનું અભિયાન આરંભ્યુ છે. કેસરી ખેસ અને તિરંગાવાળા ખેસ પહેરેલા કાર્યકરોનું જૂથથી વાતાવરણમાં ગરમાવો આવી રહ્યો છે. એક-બે સેક્ટરોમાં બંને પેનલો સામસામે આવી જતા મતદારોને મજા પડી હતી. જો કે આગામી દિવસોમાં જેમ જેમ મતદાનનો સમય નજીક આવશે તેમ તેમ રાજકીય ઉત્તેજના વધશે.

ઉમેદવારોના નામો જાહેર થતાની સાથે જ કયા પક્ષની કેટલી બેઠકો આવશે તેની ચર્ચાઓ ચૌરે ને ચૌટે ચાલુ થઈ ગઈ છે. શરૂઆતમાં ભાજપની બાજી એક તરફી લાગતી હતી, પરંતુ ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા બાદ ગરમાયેલા વાતાવરણે બાજી બદલ્યાની ચર્ચા જોરશોરથી ચાલે છે. હજુ તો પ્રાથમિક તબક્કાની વાતો છે. એટલે કોઈપણ અનુમાન ખોટા પડી શકે છે. હજુ તો ઉમેદવારો પ્રજા સુધી પહોંચ્યા નથી, માત્ર કાર્યકરો સુધી જ પહોંચ્યા છે અને માત્ર કાર્યકરોના અભિપ્રાય પર થતુ અનુમાન વહેલુ ગણી શકાય. આમ છતાં એમ તો સ્પષ્ટ લાગે છે કે સક્રિય કાર્યકરોની નિષ્ક્રિયતા પરિણામ પર ઘેરી અસર ઉભી કરી શકે છે. મતદારો તો હજુ ઉદાસીન છે બંને પક્ષો કાર્યકરોની ફોજને કામે લગાડે અને મતદારોને સક્રિય બનાવે તે બીજા તબક્કાની પ્રક્રિયા છે અને એકાદ બે દિવસમાં જ બંને પક્ષો કાર્યકરોને સક્રિય બનાવશે. જે પક્ષ કે જે ઉમેદવાર પોતાના મતદારોને વધુમાં વધુ સંખ્યામાં મતદાન મથક સુધી પહોંચડવા સક્ષમ બનશે તે જ જીતી શકશે. આ અંતિમ તબક્કાની વાત છે. અત્યારે તો જ્ઞાતિ, સેક્ટર અને ચોકઠાના સમીકરણો મંડાઈ રહ્યા છે. દરેક ઉમેદવાર પહેલા દિવસે તો પેનલમાં જ ફરતા દેખાતા હતા પરંતુ સાંજે સાંજે એકલા જ પ્રચાર કરવાના દૃશ્યો પણ પત્રકારોને જોવા મળતા હતા. અત્યારે ઉમેદવારો અને કાર્યકરો વચ્ચે તાલમેલ સધાઈ રહ્યો છે. એકાદ બે દિવસમાં દરેક ઉમેદવારની ટીમ પ્રચાર આરંભશે ત્યારે જંગ જામશે. પહેલી ચૂંટણી કરતા આ ચૂંટણી વધુ અટપટી અને રસપ્રદ રહેશે એમાં કોઈ શક નથી અને ગમે તેવા રાજકીય પંડિતોના સમીકરણો આ ચૂંટણીમાં ખોટા પડશે એમ કહી શકાય. મતદારોમાં વિભિન્નતા છે, પણ સુવિધા માટે એકમત છે. કર્મચારી, વેપારીઓ, ડૉક્ટરો, ઈજનેરો, ઝુંપડાવાસીઓ અને બંગલાવાસીઓ પણ એ તમામ વર્ગના મતદારો મજબુત નાગરિક સુવિધા અભિલાષે છે અને અસરકારક નગરસેવકની પસંદગી માટે સક્રિય છે. આવનારા દિવસો વધુ સ્પષ્ટ બનશે અને સંગ્રામ અસરકારક બનશે.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




ફાધરે કહ્યું એટલે... વતનથી છોકરી લાવ્યો છું... શાકવાળી જાડી રોટલી એટલે... એ બીચારી પીઝા ઓર્ડર કરવા માંગે છે...!!

# કલોલમાં વેપારીનુ ખુન કરનાર બે આરોપીઓને આજીવન કેદ

## સામાન્ય વાતમાં છરીના ઘા મારી લોખંડની પાઈપ મારીને વેપારીની હત્યા કરી હતી

ગાંધીનગર, તા ૧૨

કલોલમાં શાકભાજીના હોલસેલના વેપારીનુ સામાન્ય તકરારમાં ખુન કરવાના કેસમાં કલોલ કોર્ટે આરોપીઓને આજીવન કેદની સજા ભોગવવા હુકમ કર્યો છે. જયારે આરોપીને ૧ હજાર રૂપિયા દંડ ભોગવવા પણ હુકમ કરવામાં આવ્યો છે.

તા ૨૩ માર્ચ વર્ષ ૨૦૧૩ના રોજ શાકભાજીના વેપારી અશોકસિંહ ઉર્ફે ભવાની શોભરાજસિંહ રાજપુત તેમના મોબાઈલથી શાકભાજીના વેપારી સાથે કરતા હતા. તે વખતે આરોપી વિનોદ છગન રાવળને ગાળો બોલવાની ના પાડતા તેણે ઉશ્કેરાટમાં આવીને અશોકસિંહને છાતીના તેમજ સાંથળના ભાગે ચપ્પાના ઘા મારી દીધા હતા. જયારે અન્ય આરાપી પ્રહલાદ રાવળે તેમને માથામાં લોખંડની પાઈપ ફટકારી હતી. ગંભીર ઈજાઓ થતા તેમનુ ઘટના સ્થળે મોત નિપજયુ હતુ. આ મામલે કલોલ શહેર પોલીસ સ્ટેશને ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. આ કેસ કલોલની એડીશનલ સેસન્સ કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ તરીકે પ્રિતેશ ડી વ્યાસે દલીલો કરી હતી. આ દરમિયાન કોર્ટ સમક્ષ ૨૪ થી વધુ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરાયા હતા.સરકારી વકીલની દલીલો તમજ પુરાવાઓને ધ્યાને લઈ જજ બી ડી પટેલે બન્ને આરોપીઓને આજીવન કેદની સજા ભોગવવા માટે આદેશ કર્યો છે. જયારે આરોપીઓને રૂપિયા ૧ હજારનો દંડ ભાગવવા પણ આદેશ કર્યો છે.

## ખૂણે ખાંચરેથી...

● મનપાની ચૂંટણીના કાર્યાલયો પર કાર્યકરોના ક્રિકેટ પ્રેમને ધ્યાને રાખી એલઈડી સ્ક્રીન પણ ઉમેદવારોએ લગાવ્યા છે.

● મનપાની ચૂંટણીમાં કાર્યકરો સાથે ડોર ટુ ડોર પ્રચાર અભિયાન પર ભાજપ-કોંગ્રેસના ઉમેદવારો લાગી ગયા છે.

● મનપાની ચૂંટણી માટે તંત્ર દ્વારા હવે તડામાર તૈયારીઓ આરંભી દેવામાં આવી છે.

● ૧૪મી એપ્રિલની આંબેડકર જયંતિની પ્રા. શાળાના બાળકોની રજા રદ કરી શાળા ચાલુ રાખવાના આદેશો જારી કરાયા છે.

● ગાંધીનગર શહેરમાં ગરમીનો પારો વધતાં ઠેર ઠેર ઠંડા પાણીની પરબો શરૂ થઈ ગઈ છે.

● મનપાની ચૂંટણીમાં લોક વિકાસ મંચે એક પણ વોર્ડમાં ચારેય બેઠક પર ઉમેદવાર મુક્યા નથી તે મુદ્દો ટોક ઓફ ધી ટાઉન બન્યો છે.

# શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના પુસ્તક 'સમરસતાનો મારો પ્રયાસ'નું આજે વિમોચન

ગાંધીનગર, તા. ૧૨

રાજ્યના શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ પોતાના જીવનની સમરસ યાત્રાના અનુભવોને પુસ્તક રૂપે સ્મરણાંકીત કર્યા છે. આ પુસ્તકનો વિમોચન સમારોહ તા. ૧૩ એપ્રિલને બુધવારે સાંજે ૫ કલાકે યુનિવર્સિટી કન્વેશન હોલ ખાતે યોજાશે.

રાજ્યના નામદાર રાજ્યપાલ શ્રી ઓ. પી. કોહલીજી પુસ્તકનું વિમોચન કરશે. જ્યારે ભાજપના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ પુરુષોત્તમ રૂપાલા, પ્રદેશ અધ્યક્ષ વિજયભાઈ રૂપાણી, સામાજિક ન્યાય મંત્રી રમણલાલ વોરા અને વિધાનસભાના ઉપાધ્યક્ષ આત્મારામ પરમાર, સંસદસભ્ય શંભુપ્રસાદ ટુંડીયાની પ્રેરક ઉપસ્થિતિ રહેશે. કાર્યક્રમનું સંચાલન સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ભાગ્યેશ જહા સંભાળશે.

આ પ્રસંગે ઉપસ્થિત રહેવા દિનદયાળ સમુત્કોર્ષ સંસ્થાના રસિકભાઈ ખમાર અને તપસ ફાઉન્ડેશનના સુરેન્દ્ર પટેલે જણાવ્યું છે.

# સેક્ટર-૧૪ અનુસૂચિત જાતિ વિકાસ ટ્રસ્ટ દ્વારા મહારેલીનું આયોજન

ગાંધીનગર, તા. ૧૨

અનુસૂચિત જાતિ વિકાસ ટ્રસ્ટ 'સૂચિત' સે. ૧૪ દ્વારા ડૉ. આંબેડકરની ૧૨૫મી જન્મ જયંતિ નિમિત્તે આગામી તા. ૧૪મી એપ્રિલના રોજ સવારે ૯.૦૦ કલાકે મહારેલીનું આયોજન કરવામાં આવ્યું છે.

આ રેલી અંબિકા ચોક, શ્રી જય અંબે મંદિર, સે. ૧૪ ખાતેથી પ્રસ્થાન કરશે. સે. ૧૪માં અંદરના રીંગરોડ ઉપર થઈ ખ-૫, ગ-૫, ઘ-૫ અને ચ-૫ થઈ ચ-રોડ ઉપર આવેલ ડૉ. બાબાસાહેબની પ્રતિમા આગળ રેલીનુ ચ-૪ ખાતે સમાપન કરવામાં આવશે.

આ મહારેલીમાં ગાંધીનગર શહેરની પ્રત્યેક સોસાયટીઓમાં વસતા અનુસૂચિત જાતિના દરેક સભ્યોને રેલીમાં જોડાવા તેમજ ડૉ. આંબેડકરની પ્રતિમાને ફૂલહાર અર્પણ કરી રાત્રે સમગ્ર સમાજ દ્વારા ઘરે ઘરે રોશની અને દિપ પ્રગટાવી ફટાકડા ફોડી ધામધૂમથી ઉજવણી કરવા ટ્રસ્ટના પ્રમુખ રમેશભાઈ પરમારે જણવ્યું છે.




ગાંધીનગર શહેરમાં દિનપ્રતિદિન વાહનોની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે, પરંતુ સલામતી ઘટી રહી છે. નગરના માર્ગો પર અવારનવાર અકસ્માતો સર્જાયા કરે છે. ગઈકાલે બપોરના સુમારે મહાત્મા મંદિર રોડ (સે. ૧૩ કોર્નર પાસે) એક સ્કૂલવાને ગફલતભરી રીતે હંકારતા ધડાકાભેર બીજી પસાર થતી કાર સાથે ભટકાઈ હતી. જેને કારણે કાર નં. જીજે-૨-૯૦૯૯ને ખાસ્સુ નુકસાન થયું હતું. સદનસીબે કોઈને ઈજાઓ થઈ ન હતી.

# ડૉ. આંબેડકર ગૌરવ સમિતિ કલોલ દ્વારા મહારેલી યોજાશે

ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મ જયંતિ નિમિત્તે તા. ૧૪મી એપ્રિલને ગુરૂવારના રોજ સવારે ૯.૦૦ કલાકે ડૉ. બાબાસાહેબ હોલ, કલ્યાણ બેન્કની સામે પૂર્વ વિસ્તાર કલોલથી મહારેલી પ્રસ્થાન કરી વિવિધ વિસ્તારોમાં ફરશે. અને ડૉ. બાબાસાહેબની પ્રતિમા કલોલ હાઈવે આગળ સમાપન થશે. ડૉ. આંબેડકરની આ એકતા મહારેલીમાં પ્રત્યેક ચાલી, સોસાયટી, મહોલ્લા તેમજ આજુબાજુના ગામોના રહીશો પોતાના વાજીંત્રો, બેનરો સાથે રેલીમાં જોડાઈ રેલીને સફળ બનાવવા અનુરોધ કરાયો છે.

# ચેટીચંદ સિંધી કલ્ચરલ ફેસ્ટીવલ કમિટી દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૧૨

ગુજરાતના રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલીએ જણાવ્યું હતું કે સિંધી સમાજ દ્વારા ભગવાન ઝુલેલાલનો જન્મોત્સવ ચેટીચંદ હર્ષોલ્લાસ સાથે મનાય છે. તેમણે જણાવ્યું હતું કે ચેટીચંદ સમાજમાં સદ્ભાવ અને પરસ્પર ભાઈચારાની ભાવનાને દૃઢ બનાવે છે.

રાજ્યપાલશ્રી ગઈકાલે રાજભવન ખાતે ચેટીચંદ સિંધી કલ્ચરલ ફેસ્ટિવલ કમિટી દ્વારા આયોજિત સાંસ્કૃતિક કાર્યક્રમમાં સંબોધન કરી રહ્યા હતા.

શ્રી કોહલીએ જણાવ્યું હતું કે સિંધી સમાજે તેમની ધાર્મિક અને સાંસ્કૃતિક પરંપરાઓનું જતન કર્યું છે અને તેનો મૂલ્યવાન વારસો યુવાપેઢી દ્વારા જતન થાય તેવા પ્રયાસો કર્યા છે, જે પ્રશંસનીય છે. તેમણે સિંધી સમાજના લોકોએ ઉદ્યોગો અને વ્યવસાયોમાં આપેલ યોગદાનને બિરદાવ્યું હતું. રાજ્યપાલશ્રીએ ચેટીચંદ નિમિત્તે સૌને શુભકામનાઓ આપી હતી.

આ પ્રસંગે ચેટીચંદ પર્વની ઉજવણીના ભાગરૂપે અમદાવાદ શહેરમાં નિકળેલા જુલુસ ઝાંખીઓમાં પસંદ થયેલ શ્રેષ્ઠ ઝાંખીઓને રાજ્યપાલશ્રીના હસ્તે ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું.

પ્રારંભમાં ભૂતપૂર્વ ધારાસભ્ય શ્રી ગોપાલદાસ ભોજવાણીએ સ્વાગત પ્રવચનમાં ચેટીચંદ પર્વની ઉજવણીની રૂપરેખા આપી હતી.

ધારાસભ્ય ડૉ. નિર્મલા વાઘવાણીએ જણાવ્યું હતું કે સિંધી સમાજે રાજ્યના વિકાસમાં હંમેશા મહત્વનો ફાળો આપ્યો છે. તેમણે ચેટીચંદનું પર્વ સમાજમાં શાંતિ-સમૃદ્ધિ અને સામાજિક સદ્ભાવને વૃદ્ધિ કરનારૂ નિવડે તેવી પ્રાર્થના કરી હતી.

આ પ્રસંગે કાર્યક્રમમાં શ્રી ગૌતમભાઈ સમ્રાટ, શ્રી બલરામભાઈ થાવાની સહિત રાજ્યના વિવિધ જિલ્લાઓના સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે સિંધી સાંસ્કૃતિક અને ભક્તિગીતોનો કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો હતો.

# શહેરમાં લીમડાના ગુણકારી મોરનું વેચાણ વધ્યું

## જાતે લીમડો તોડી શકવા અસમર્થ નગરજનો બજારમાંથી મોર ખરીદીને રસ બનાવે છે : લીમડાના મોરનો રસ એન્ટિબાયોટિક ડોઝ હોવાથી વર્ષ આખુ બિમારીઓથી દૂર રાખે છે

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગરમાં સ્વાસ્થ્ય પ્રેમી નગરજનો ચૈત્ર માસમાં લીમડાના મોરના રસનું સેવન કરી વર્ષ ભરની તંદુરસ્તી અંકે કરી રહ્યા છે. શહેરમાં લીમડાનો મોર પીનારાની વધતી સંખ્યા જોઈ મીનાબજાર, પથિકાશ્રમ સહિત અનેક મંદિરો પાસે લીમડાના મોરનું વેચાણ પણ થઈ રહ્યું છે. આ લીમડાનો મોર કોથમીરની ઝુડીની જેમ રૂ. ૧૦ની ચાર ઝુડીઓના ભાવથી વેચાઈ રહ્યો છે.




શહેરમાં હાલ લીમડાના તાજા ફૂલોના રસ પીવાનો મહિમા ખૂબ વધેલો જોવા મળી રહ્યો છે. શહેરના માર્ગો પરના લીમડાના વૃક્ષો પરથી સાંજના અથવા વહેલી સવારના સમયે નગરજનો તથા લીમડાનો મોર વેચતા ફેરિયાઓ લીમડાની ડાળીઓ તોડતા નજરે ચડી રહ્યા છે. લીમડાની ડાળીઓ તોડી તેમાંથી તેના ફૂલ એટલે મોર અલગ પાડવામાં આવે છે પછી તેને પીસીને થોડુ પાણી મિક્સ કરી શરબત જેવુ બનાવી ગાળીને પીવામાં આવે છે. જે નગરજનો જાતે લીમડો તોડી શકવા અસમર્થ છે તેઓ ક્યાંક સેવાભાવી નગરજનો અથવા સંસ્થા દ્વારા પીવડાવવામાં આવતો રસ પી રહ્યાં છે અથવા બજારમાંથી તૈયાર ચુંટેલો મોર ખરીદી તેનો રસ બનાવી પી રહ્યાં છે. આ કારણે શહેરમાં અનેક જગ્યાએ જેવી કે મીના બજાર, પથિકાશ્રમ સર્કલ, શહેરના શાકમાર્કેટો તથા મંદિરો પાસે લીમડાના મોરનું વિતરણ કરતા ફેરિયા પણ નજરે ચઢી રહ્યા છે. જેઓ કોથમીરની જેમ લીમડાના ફૂલો વાળી ડાળીઓની ઝુડીઓ બનાવી રૂ. ૧૦માં ચાર ઝુડીના ભાવે વેચી રહ્યાં છે.

ચૈત્ર માસના પ્રારંભ અગાઉથી જ લીમડાના વૃક્ષને ફુલ આવવા લાગે છે. ચૈત્રિ નવરાત્રિના આઠ દિવસ દરમ્યાન જો લીમડાના મોરનો રસ પીવામાં આવે તો વર્ષ આખુ બિમારી શરીરથી દૂર રહે છે તેવુ માનવામાં આવે છે. દરરોજ તાજો બનાવેલ મોરનો રસ પીવાથી વૈશાખના ગરમ પવનની લૂ નથી લાગતી તથા સૂર્યના બળબળતા તાપથી થતા આંખોના રોગ ટાળી શકાય છે. લીમડાનો રસ એન્ટિબાયોટિક હોવાથી અનેક રોગોથી બચાવે છે. લીમડાનો કડવો રસ પાચનતંત્ર સુધારે છે અને અળઈ, ફોલ્લી, ગુમડાઓથી રક્ષણ આપે છે. લીમડો શીતળ, હલકો, કડવો, તીખો અને પૌષ્ટિક હોવાથી ઘા રૂઝવે છે, સોજા ઉતારે છે તેમજ કૃમિ, ઉલટી, તાવ, રક્તદોષ, કફ, પિત્ત, દાહ અને વાયુ પણ મટાડે છે.



શહેરમાં લીમડાના રસનું સેવન કરનારા સ્વાસ્થ્ય પ્રેમી નગરજનોની સંખ્યા દિન-પ્રતિદિન વધતી જાય છે. ચૈત્રિ નવરાત્રી દરમ્યાન કરવામાં આવેલ લીમડાના મોરના રસનું સેવન આખુ વર્ષ બિમારીને દૂર રાખે છે. તેથી તેના ડૉ. રાજેન્દ્ર વસૈયા દ્વારા સંચાલિત મહર્ષિ આયુર્વેદિક સેન્ટર દ્વારા સે. ૭માં યુનાઈટેડ ચેરિટેબલ ટ્રસ્ટના ફિઝિયોથેરેપી સેન્ટરના દર્દીઓ તથા મુલાકાતીઓને લીમડાના મોરનો રસ નિઃશુલ્ક પીવડાવવામાં આવી રહ્યો છે.